## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૨/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / 453 તા. 22 JUL 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
દિનેશભાઈ બાલુભાઈ કથીરિયા
મુ. પો. વેકરીયા
તા. વિસાવદર
જી. :જુનાગઢ, પીનકોડ. :૩૬૨૧૩૦ મોબાઈલ :

વિષય : અમારું હયાત ખેતીવાડી નં. ૩૫૯૭૩/૦૧૦૫૯/૭ વીજજોડાણ વેકરીયા સબસ્ટેશન માંથી આપવા બાબત.
સંદર્ભ : દિનેશભાઈ બાલુભાઈ કથીરિયા ની રજુઆત તારીખ: ૦૪.૦૪.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૦૨/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય -૧

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વિસાવદર-૧

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com



CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૨/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ 453 તા. 22.7.22

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૦૨/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી દિનેશભાઈ બાલુભાઈ કથીરિયા ગામ – વેકરીયા

સબડીવીઝન: વિસાવદર - ૧

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ ગ્રામ્ય - ૧

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : શ્રી એન.આઈ.ઉપાધ્યાય |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: સોમવાર (૨૭-૦૬-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૭-૦૬-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી જાણાવે છે કે, વેકરીયા ગામનાં સર્વે નં. ૫૨ પેકી ૧ માં અમારું ખેતીવાડી વીજજોડાણ આવેલ છે. અને ન સબસ્ટેશન માં આવેલ ફીડર ભાડેર નું છેલ્લું કનેકશન છે.જેના કારણે અમોને વારે ઘડીયે પાવર બંધ થઈ જાય છે અને ફીડર પણ ફોલ્ટ માં જાય છે જેથી અમોને આઠ કલાક વીજ પુરવઠો મળતો નથી. અમારું કનેકશન વેકરીયા ના સર્વે નં. માં આવેલ છે. અને વેકરીયા ખાતે ૬૬ કેવી સબસ્ટેશન આવેલ છે.તેમાથી નીકળતા ફીડર ઉપર જો અમારો સપ્લાય આપવામાં આવે તો અમોને નિયમિત સપ્લાય મળે તો અમારો પાક બચાવી શકીએ હાલમાં અમોએ વાવેતર કરેલ છે. તે નિષ્ફળ ગયેલ છે. તો આપ સાહેબ ને નમ્ર વિનતી કે કાયમી ઉકેલ માટે વેકરીયા સબસ્ટેશન માથી પાવર આપવો. અમારી બાજુમાં મુળુભાઈ જેઠાભાઈ ભારાઈ ૩૫૯૭૩/૦૧૦૪૩/૦ નું વેકરીયા સબસ્ટેશન માથી કનેકશન આપેલ છે.જેમને ક્યારેય પાવર જતો નથી. તો આપ સાહેબ ને અમારી મુશ્કેલી દુર કરવા નમ્ર વિનતી છે. સહકાર ની અપેક્ષા સાથે આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.૦ વિસાવદર તાલુકાના વેકરીયા ગામના શ્રી દિનેશભાઇ બાલુભાઈ કથીરિયા દ્રારા,હાલ તેમના ખેતીવાડી વિજજોડાણ ને લઈ ૬૬ કેવી ભાડેર સબ સ્ટેશન માથી નીકળતા ૧૧ કેવી કાથરોટા ખેતીવાડી ફિડર નોં પાવર મળે છે, જેને બદલે તેમને વેકરીયા ૬૬ કેવી સબસ્ટેશન માથી નીકળતા ૧૧ કેવી ડેમ એજી ફીડરનોં પાવર આપવામાં આવે તેવી રજૂઆત છે.સદર ગ્રાહકને આ કનેક્શન પેટાવિભાગીય કચેરી વિસાવદર-૧ કચેરી દ્રારા ૨૨.૦૧.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. ૬૬ કેવી ભાડેર સબ સ્ટેશન માથી નીકળતા 11 કેવી કાથરોટા ફિડર નું સંચાલન તેમજ નિભાવ અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી પેટાવિભાગીય કચેરી ધારી દ્રારા કરવામાં આવે છે. જ્યારે વેકરીયા ૬૬ કેવી સબસ્ટેશન માથી નીકળતા ૧૧ કેવી ડેમ એજી ફીડરનું સંચાલન તેમજ નિભાવ જુનાગઢ વર્તુળ કચેરી હેઠળ આવતી પેટાવિભાગીય કચેરી વિસાવદર-૧ દ્વારા કરવામાં આવે છે. હાલ

વિસાવદર-૧ પેટાવિભાગીય કચેરીના કુલ ચાર ગ્રાહક ૧૧ કેવી કાથરોટા ખેતીવાડી ફિડર માં જોડાયેલ છે.જે ગ્રાહકોની વિગત નીચે મુજબ છે.

૧) દિનેશભાઈ બાલુભાઈ કથીરિયા (ગ્રાહક નંબર ૩૫૯૭૩૦૧૦૫૯૭)

૨) ભગવતિબેન શીલું (૩૫૯૭૩૦૧૦૦૪૦)

૩) મનુભાઈ પુંજભાઈ વાળા (૩૫૯૭૩૦૦૯૩૩૫)

૪) મધુભાઈ પુંજભાઈ વાળા (૩૫૯૭૩૦૦૨૩૦૬)

ઉપરોક્ત રજૂઆતના ધ્યાને રાખી અને જો ૫૦૦ મીટર ૧૧ કેવી નવી લાઈન ઊભી કરવામાં આવે તો ઉપરોક્ત દર્શાવેલ ગ્રાહક માથી ૧ થી ૩ નંબર સુધીના ગ્રાહક ૧૧ કેવી ડેમ ખેતીવાડી ફિડરમા જોડી શકાય છે. તેમજ ૪ નબર ના ગ્રાહકને ૧૧ કાથરોટા ખેતીવાડી ફિડર માથી ૧૧ કેવી ડેમ ખેતીવાડી ફિડર મા જોડવા માટે આશરે ૫૦૦ મીટર અલગથી નવી લાઈન ઊભી કરવાની થાય છે.

૧૧ કેવી કાથરોટા એજી ફિડર તેમજ ૧૧ કેવી ડેમ ખેતીવાડી ફિડર ની લાઈન બાબતની ટેકનીકલ માહિતી નીચે મુજબ છે

કાથરોટા ખેતીવાડી ફિડર – ચાર્જિંગ તારીખ-૦૧/૦૫/૨૦૦૧, ડેમ-૨૫/૧૦/૨૦૧૮

| FEEDER | MAIN LINE (KM) | TAPPING LINE (KM) | TOTAL HT (KM) | TOTAL LT (KM) | TOTAL TC (NO'S) |
|---|---|---|---|---|---|
| KATHROTA | 20 | 18.48 | 38.48 | 0 | 199 |
| DEM | 10 | 13.26 | 23.26 | 2.55 | 78 |

તેમજ બને ફિડર ના TT,PF,LC ની માહિતી નીચે મુજબ છે.

| 66 KV BHADER SS(11 KV KATHROTA AG FDR) –UNDER DHARI S/DN. | | | | | | |
|---|---|---|---|---|---|---|
| YEAR -2022 | | | | | | |
| **MONTH** | **NO.OF TT** | **TIME** | **NO.OF PF** | **TIME** | **NO.OF LC** | **TIME** |
| JANUARY | 34 | 01:70 | 13 | 16:00 | 26 | 90:55 |
| FEBRUARY | 21 | 01:05 | 3 | 01:20 | 21 | 87:20 |
| MARCH | 28 | 01:40 | 0 | 0 | 8 | 30:00 |
| APRIL | 24 | 01:20 | 3 | 01:55 | 19 | 85:55 |
| | | | | | | |
| TOTAL | 107 | 6:15 | 19 | 19:15 | 74 | 294:10 |

| 66 KV VEKARIYA SS(11 KV DEM AG FDR) –UNDER VISAVADAR-1 S/DN. | | | | | | |
|---|---|---|---|---|---|---|
| YEAR -2022 | | | | | | |
| **MONTH** | **NO.OF TT** | **TIME** | **NO.OF PF** | **TIME** | **NO.OF LC** | **TIME** |
| JANUARY | 5 | 00:35 | 3 | 14:05 | 3 | 03:25 |
| FEBRUARY | 1 | 00:07 | 0 | 0 | 3 | 03:25 |
| MARCH | 0 | 0 | 1 | 02:20 | 0 | 0 |
| APRIL | 2 | 00:15 | 2 | 02:10 | 3 | 12:40 |
| | | | | | | |
| TOTAL | 8 | 0:57 | 6 | 18:35 | 9 | 19:30 |

હાલ તેઓ જે ૧૧ કેવી કાથરોટા ખેતીવાડી ફિડરમાંથી પાવર મળે છે તેમાં ૮ કલાક પૂરતો વિજપુરવઠો આપવામાં આવે છે તેમજ વિજવિક્ષેપ દુર કરવાં અંગેની કામગીરી તુરત જ કરી આપવામાં આવે છે.આમ છતા પણ ગ્રાહકની રજૂઆતને ધ્યાને લઈને જે ફિડરમાથી વીજ પુરવઠો લેવાની તેમની માંગણી છે તે લાઈનનું સર્વે કરતાં સદર વીજજોડાણ ને માંગણી વાળા ફિડર

માં જોડાવા માટે ૫૦૦ મીટર નવી ૧૧ કેવી લાઇન ઊભી કરવી પડે તેમ છે.જેનો ખર્ચ રૂ. ૧૨૨૬૬૮=૦૦ થાય છે. હાલ ખેતીવાડીના નવા વિજજોડાણ આપવાની કામગીરી સતત ચાલુ છે, આથી ગ્રાહકની રજૂઆતને ધ્યાને રાખી અને ભવિષ્યમાં જ્યારે સદર ના વિજજોડાણ ની નજીક ૧૧ કેવી વેકરીયા ફીડર ની લાઇન ઊભી થસે ત્યારે કંપનીના હિતને ધ્યાનમાં રાખી ગ્રાહકની રાજુઆત બાબતે હકારાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ની રજુઆત મુજબ તા. ૨૨.૦૧.૨૦૨૨ ના રોજ કનેક્શન આપવામાં આવેલ છે. જે ૧૧ કેવી કાથરોટા ફિડર માથી આપવામાં આવેલ છે. જેનું સંચાલન તેમજ નિભાવ અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી પેટાવિભાગીય કચેરી ધારી દ્વારા કરવામાં આવે છે. જ્યારે વેકરીયા ૬૬ કેવી સબસ્ટેશન માથી નીકળતા ૧૧ કેવી ડેમ એજી ફીડરનું સંચાલન તેમજ નિભાવ જુનાગઢ વર્તુળ કચેરી હેઠળ આવતી પેટાવિભાગીય કચેરી વિસાવદર-૧ દ્વારા કરવામાં આવે છે. હાલ વિસાવદર-૧ પેટાવિભાગીય કચેરીના કુલ ચાર ગ્રાહક ૧૧ કેવી કાથરોટા ખેતીવાડી ફિડર માં જોડાયેલ છે.જે ગ્રાહકોની વિગત નીચે મુજબ છે.

૧) દિનેશભાઈ બાલુભાઈ કથીરિયા (ગ્રાહક નંબર ૩૫૯૭૩૦૧૦૫૯૭)
૨) ભગવતિબેન શીલું (૩૫૯૭૩૦૧૦૦૪૦)
૩) મનુભાઈ પુંજભાઈ વાળા(૩૫૯૭૩૦૦૯૩૩૫)
૪) મધુભાઈ પુંજભાઈ વાળા(૩૫૯૭૩૦૦૨૩૦૬)

૪.૨ ઉપરોક્ત વિગતો નો અભ્યાસ કરતાં જણાય છે કે ૧૧ કેવી કાથરોટા ફીડર માં વીજ વિક્ષેપ નું પ્રમાણ ૧૧ કેવી ડેમ ફીડર ની સરખામણીએ ઘણું વધારે છે જેથી અરજદાર ની રજૂઆત માં તથ્ય હોવાનું માલૂમ પડેલ છે. પરંતુ અરજદાર સહિતના અન્ય ત્રણ ખેતીવાડી વીજ જોડાણ હાલ ૧૧ કેવી કાથરોટા ફીડર ઉપર જોડેલ છે તે તમામ ને પણ આજ પ્રમાણે ના વીજ વિક્ષેપ ની મુશ્કેલી હોવાનું તારણ છે. આ સંજોગોમાં ચારેય વીજ જોડાણો ને મળતો વીજ પુરવઠો સાતત્ય પૂર્ણ મળી રહે તે મુજબ લાઈન. નું મેઈન્ટેનન્સ કરવા પીજીવીસીએલ પક્ષકાર ને સૂચના આપવામાં આવે છે.

૪.૩ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી એન.આઈ.ઉપાધ્યાય<br>મેમ્બર (ટેકનીકલ) | શ્રી એન.સી.મકવાણા<br>ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧